Machine Tools
Manufacturers Association

44,"Shivanand Complex", 4th Floor, Dhebar Road,
Rajkot-360 002 (Guj.) INDIA
Tel. Fax : +91-281- 2238708
E.: mtmarajkot@gmail.com W.: www.mtmarajkot.org

સરક્યુલર નં. ૦૩/૨૦૧૮–૧૯ તા. ૦૨.૦૬.૨૦૧૮

# 7th Rajkot Machine Tools Show : 2018
## સ્ટોલ બુકીંગ બાબત

**રાજકોટ મશીન ટુલ્સ શો – ૨૦૧૮** એકઝીબીશનનું તારીખ ૨૮ નવેમ્બર થી ૧ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન **NSIC** ગ્રાઉન્ડ, આજી ઈન્ડસ્ટ્રીયલ એરીયા, રાજકોટ ખાતે **MACHINE TOOLS MFGS. ASSOCIATION, Rajkot** અને **KMG BUSINESS TECHNOLOGY, Ahmedabad** દવારા સંયુકત રીતે એકઝીબીશનનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોકત એકઝીબીશનમાં સ્ટોલ બુક કરાવવા માટેના કાર્ડ રેઈટ **રૂ.૧૧,૦૦૦/– (પ્રતિ ચો.મીટર)** છે જયારે એસોસીએશનનાં સભ્યભાઈઓ માટે **સ્પેશ્યલ ભાવ રૂ. ૭૦૦૦/– (પ્રતિ ચો.મીટર)** નકકી કરવામાં આવેલ છે.

## રાજકોટ મશીન ટુલ્સ શો – ૨૦૧૮ એકઝીબીશનમાં ભાગ લેવા માટેના ફાયદાઓ

૧. આ એકઝીબીશનનું આયોજન કરવા માટેનો મુખ્ય હેતું એ છે કે મશીન ટુલ્સના ઉત્પાદન તથા નિકાસના ક્ષેત્રમાં રાજકોટ શહેર દેશભરમાં પ્રથમ નંબરે અને વિશ્વમાં એક મોટા ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે દિન–પ્રતીદિન વિકસતુ રહયુ છે, તેથી **'મેઈડ ઈન રાજકોટ'** ની એક પ્રતિષ્ઠિત બ્રાન્ડ ઈમેજ ભવિષ્યમાં દેશના ઔધોગીક ફલકમાં ઉદય પામશે.

૨. આ એકઝીબીશન દવારા વપરાશકારો તથા ઉત્પાદકોને આજના સમયને અનુરૂપ આધુનીક ટેકનોલોજીથી તૈયાર થનાર ઉત્પાદનોને નિહાળવા, ખરીદવા, વેંચવા તથા પરસ્પર સમજુતી કરાર કરવાની અમુલ્ય તક પુરી પાડશે. આજના ગ્લોબલ માર્કેટમાં રાજકોટ મશીન ટુલ્સ શો ૨૦૧૬ ના માધ્યમથી નવા વિચારો, નવી પ્રોડકટસ, ઉમદા સર્વિસ અને પરસ્પર ટેકનોલોજીના આદાન પ્રદાનની વિશાળ તક મળશે.

૩. આ એકઝીબીશન ઘર આંગણે હોવાથી ટ્રાન્સપોર્ટેશન, હોટલ વગેરે જેવા ખર્ચ તથા સમયનો બચાવ પણ થાય.

૪. એકઝીબીશનના પ્રમોશન માટે દેશના ૩ થી ૪ મોટા શહેરોમાં **'રોડ શો'** નું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત રાજકોટ તથા અન્ય શહેરોમાં મેઈન લોકેશન ઉપર હોર્ડીંગ્સ લગાવવામાં આવશે.

૫. આ એકઝીબીશન અંદાજે ૨૦,૦૦૦ ચો.મી. ના ગ્રોસ એરીયામાં ભારત તથા ચાઈના, જાપાન, જર્મની, તાઈવાન, તુર્કી અને USA વગેરે દેશની વિવિધ કપનીઓ પોતાના પ્રોડકટસ રજુ કરશે.

**ખાસ નોંધ :–**

**૧. જે સભ્યભાઈઓએ સ્ટોલ બુક કરાવવો હોય તેઓ એડવાન્સ પેમેન્ટ આપી સ્ટોલ બુકીંગ કરાવી શકશે, ત્યારબાદ બાકીનું બેલેન્સ પેમેન્ટ તારીખ ૨૮.૧૦.૨૦૧૮ સુધીમાં કરવાનું રહેશે.**

**૨. ૩ ફેસ ઈલેકટ્રીક કનેકશન તથા કમ્પ્રેસર એર માટે કાર્ડ રેઈટ પર ૧૫% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. આ ઉપરાંત સ્ટોલ બુકીંગ ચાર્જ તથા અન્ય ખર્ચ પર 18 % GST અલગથી ચુકવવાનાં રહેશે.**

**૩. ચેક 'KMG BUSINESS TECHNOLOGY' ના નામનો આપવાનો રહેશે.**

**૪. એકઝીબીશનના બ્રોશર તથા સ્ટોલ બુકીંગ માટે કોન્ટ્રાક કોપી ફોર્મ આ સાથે મોકલાવેલ છે.**

**૫. સ્ટોલ બુકીંગ થઈ ગયા બાદ સ્ટોલ કેન્સલ કરવામાં આવશે તો ડિપોઝીટની રકમ પરત આપવામાં આવશે નહી.**

**૬. સ્ટોલ લોકેશન બાબત KMG BUSINESS TECHNOLOGY, AHMEDABAD નકકી કરશે માટે આ બાબત તેમના ઓફીસર શ્રી અમીતભાઈ મીસ્ત્રી (મો. ૯૮૨૫૦ ૮૩૫૩૦) નો કોન્ટેક કરવા વિનંતી.**

આભાર સહ,
**મશીન ટુલ્સ મેન્યુ. એસોસીએશન વતી,**

**રાજુભાઈ ભંડેરી**
**પ્રમુખ**